તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૮ | ૧૯ એપ્રિલ, ૨૦૧૬, મંગળવાર ; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ઓરિસ્સા : બસ ખીણમાં ગબડી પડતા ૩૦નાં મોત
- દેશના ગામડાઓમાં જવા માટે તબીબોને આકર્ષક ઓફર થશે
- હવે રાષ્ટ્રવાદના મુદ્દા સાથે પક્ષ આગળ વધશે : કેશવ
- ઇક્વેડોર ધરતીકંપ : મોતનો આંકડો વધી ૨૭૨ થઇ ગયો
- મુસ્લિમ લો બોર્ડ ત્રિપલ ઉપર પ્રતિબંધનો હવે વિરોધ કરશે
- કોહીનૂરને હીરાને પરત લાવવા શું પગલા લેવામાં આવ્યા છે : સુપ્રીમ
- વ્યાજદરમાં ફરી ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો થઇ શકે છે
- સેંસેક્સમાં ૧૯૦ પોઇન્ટનો ઉછાળો : તેજી યથાવત રહી
- કિંગ્સ ઇલેવન સામે આજે જીત મેળવવા કોલકાતા સુસજ્જ છે

# કેન્દ્રિય સેવામાં ૨.૨ લાખ કર્મીની ભરતી કરાશે

### આગામી બે વર્ષમાં મોટાપાયે ભરતી કરવાની યોજના તૈયાર : પહેલી માર્ચ ૨૦૧૭ સુધી સંખ્યા વધીને ૩૫.૨૩ લાખ થઇ જશે : મિનિમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નેન્સના સ્લોગન ઉપર કેન્દ્ર સરકાર આગળ વધશે

નવી દિલ્હી,તા. ૧૮

મિનિમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નેન્સના સ્લોગન પર આગળ વધવાની જાહેરાત મોદી સરકાર પહેલાથી જ કરી ચુકી છે. પરંતુ સરકાર આગામી બે વર્ષના ગાળામાં બે લાખથી વધારે કેન્દ્રિય કર્મચારીઓની ભરતી કરવાની તૈયારીમાં છે. અલબત્ત સરકાર કેન્દ્રિય સેવામાં ભરતીને હાલમાં લગભગ રોકી ચુકી છે. પહેલી માર્ચ ૨૦૧૫ના દિવસે કેન્દ્રિય સેવામાં સ્ટાફની સંખ્યા ૩૩.૦૫ લાખ હતી. જે વર્ષ ૨૦૧૬માં વધીને ૩૪.૯૩ લાખ થઈ ગઈ હતી. બજેટ ૨૦૧૬-૧૭ના હિસાબથી એક માર્ચ ૨૦૧૭ના દિવસે આ સંખ્યા વધીને ૩૫.૨૩ લાખ થઈ જશે. આ આંકડા રેલવેના કર્મચારીઓને મળીને છે. રેલવે દ્વારા સંરક્ષણને બાદ કરીને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં પોતાનુ સંખ્યાબળ ૧૩૨૬૪૩૭માં કોઈ પણ કર્મચારીઓને ઉમેર્યા નથી. સૌથી વધારે ભરતી આશરે ૭૦૦૦૦ રેવેન્યુ વિભાગમાં કરવામાં આવનાર છે. જેમાં ઈનકમ ટેક્સ, કસ્ટમ એન્ડ એક્સાઈઝનો સમાવેશ થાય છે. ત્યારબાદ સૌથી વધારે ભરતી આશરે ૪૭૦૦૦ અર્ધલશ્કરી દળમાં કરવામાં આવનાર છે. અર્ધલશ્કરી દળથી અલગ થઈને કેન્દ્રિય ગૃહ મંત્રાલયમાં પણ ૬૦૦૦ લોકોની ભરતી કરવામાં આવનાર છે.

કેન્દ્રિય સચિવાલયમાં પણ પહેલી માર્ચ ૨૦૧૭ સુધીમાં ૩૦૧ કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે. તેમાં સંખ્યાબળ વર્ષ ૨૦૧૫ના આંકડામાં વધારો થઈને હવે ૧૨૦૧ થઈ જશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં પણ છેલ્લા બે વર્ષમાં આશરે ૨૨૦૦ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. જુદા જુદા મંત્રાલય દ્વારા છેલ્લા બે વર્ષમાં વધારે ભરતી કરવામાં આવી નથી. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ૬૦૦૦ લોકોની ભરતી કરવામાં આવી છે. ખાણ મંત્રાલયમાં ૪૩૯૯ અને અંતરિક્ષ વિભાગમાં ૧૦૦૦ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે.

# વિજય માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ

### ૯૦૦ કરોડ રૂપિયાની લોન છેતરપિંડી કેસમાં માલ્યા સામે સકંજો : કિંગફિશર એરલાઈન્સના વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી કોર્ટે ફગાવી

નવીદિલ્હી, તા.૧૫

પ્રિવેન્શન ઓફ મનિ લોન્ડરિંગ એક્ટ કેસો માટેની ખાસ અદાલતે આજે ૯૦૦ કરોડ રૂપિયાની આઈડીબીઆઈ લોન છેતરપિંડી કેસમાં ઉદ્યોગપતિ વિજય માલ્યા સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી આવ્યું છે. કોર્ટે કિંગફીશર એરલાઈન્સના વકીલ દ્વારા દાખલ કરવામાં આળેલી અરજીને ફગાવી દીધી હતી. આમા દાવો કરવામાં આવ્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નાણાની ઉચાપત કરવા સાથે સંબંધિત આક્ષેપો આધારવગરના છે. ઈડી દ્વારા ગયા શુક્રવારે કોર્ટમાં અરજી કરી હતી જેમાં બિનજામીનપાત્ર વોરંટની માંગ કરવામાં આવી હતી. કારણ કે માલ્યા તેમની સામે જારી કરવામાં આવેલા ત્રણ સમન્સ છતાં ઉપસ્થિત રહ્યા ન હતા. અગાઉ કિંગફિશર એરલાઈન્સે આજે ઈડી સામે રજૂઆત કરીને ખાસ પીએમએલએ કોર્ટમાં જ અપીલ કરી દીધી હતી. ઈડી દ્વારા આક્ષેપ કરાયો હતો કે, વિજય માલ્યાએ આઈડીબીઆઈ લોનના ૪૩૦ કરોડ રૂપિયા ઉપાડી લીધા

● અનુસંધાન પાન-૭ પર

# હોલસેલ કિંમતોમાં ૦.૮૫ ટકાનો ઘટાડો

### સતત ૧૭માં મહિને હોલસેલ કિંમતોમાં ઘટાડો : સરકારી આંકડા જારી કરવામાં આવ્યા

નવી દિલ્હી,તા. ૧૮

માર્ચ મહિનામાં સતત ૧૭માં મહિનામાં દેશમાં હોલસેલ કિંમતોમાં ઘટાડો થયો છે. હોલસેલ કિંમતોમાં ૦.૮૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. ફેબ્રુઆરી મહિનામાં નોંધાયેલા ૦.૯૧ ટકાના ઘટાડા સામે આ ઘટાડો નોંધાયો છે. સરકારી આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. હોલસેલ કિંમતોમાં સતત ૧૭માં મહિનામાં ઘટાડો થતાં મોંઘવારીમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટેના ફુગાવાને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. કુલ ખાદ્યાન્ન ફુગાવો નાણાંકીય વર્ષમાં ૩.૭૩ ટકા રહ્યો છે. છેલ્લા નાણાંકીય વર્ષના આજગાળામાં આ આંકડો ૬.૨૭ ટકા રહ્યો હતો. મોટાભાગે મોંઘવારીને વેગ આપી દેનાર

કઠોળની કિંમતમાં ૩૪.૪૫ ટકા સુધીનો વધારો ૨૦૧૬માં રહ્યો છે. અલબત્ત ફુગાવો સતત ઘટી રહ્યો છે. ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૩૮.૮૪ ટકાથી ઘટી રહ્યો છે. ડુંગળીના મામલામાં પણ સ્થિરતા જોવા મળી રહી છે. ફુગાવાનો દર

● અનુસંધાન પાન-૭ પર




# ગુજરાત બંધના એલાનને નબળો પ્રતિસાદ

### મહેસાણા, સુરત અને અન્યત્ર તમામ જગ્યાએ જનજીવન સામાન્ય : કઠોર નિયંત્રણ અને મજબૂત સુરક્ષા વચ્ચે બંધને નબળો પ્રતિસાદ મળ્યો

અમદાવાદ,તા. ૧૮

જેલ ભરો આંદોલન દરમિયાન ગઈકાલે વ્યાપક હિંસા મહેસાણા અને સુરતમાં ભડકી ઉઠ્યા બાદ આજે આપવામાં આવેલું ગુજરાત બંધ ફલોપ રહ્યું હતું. ગુજરાત બંધને બિલકુલ નબળો પ્રતિસાદ મળ્યો હતો. ચારેબાજુ જનજીવન રાબેતા મુજબ રહ્યું હતું. લોકો પોતપોતાના કારોબારમાં પહોંચ્યા હતા. તમામ વાહન વ્યવહાર પણ સામાન્ય રહ્યો હતો. ગુજરાત બંધ વચ્ચે સંપૂર્ણ શાંતિ રહી હતી. કોઈ પણ ભાગથી હજુ સુધી કોઈ અનિચ્છનીય બનાવના અહેવાલ મળ્યા નથી. બીજીબાજુ કોઈ પણ સ્થિતીને પહોંચી વળવા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આજે સવારે બંધની શરૂઆત થયા બાદ કોઈ પણ વિસ્તારમાં તેની કોઈ અસર રહી

ન હતી. જનજીવન સામાન્ય રહ્યુ હતુ. મહેસાણા અને સુરતમાં પણ સંપૂર્ણ શાંતિ રહી છે. ઉત્તર ગુજરાતમાં બસ સેવા બંધ રાખવામાં આવી છે. જનજીવન રાબેતા મુજબ રહ્યુ છે. લોકો તેમના કામ પર રહ્યા હતા. કેટલાક વિસ્તારમાં અજંપા ભરી શાંતિ ચોક્કસપણે રહી હતી. તમામ સંવેદનસીલ વિસ્તારોમાં કઠોર નિયંત્રણો લાગુ છે. ગઈકાલે રવિવારે જેલ ભરો આંદોલન એકાએક હિંસક બન્યું હતું અને તેની માઠી અસર રાજયના સુરત, અમદાવાદ, રાજકોટ સહિતના ભાગોમાં જોવા મળી હતી અને ચારેય બાજુ તોડફોડ અને હિંસા બનાવો શરૂ થઈ ગયા હતા. મહેસાણા અને સુરતમાં સૌથી વધારે હિંસાના બનાવો બન્યા હતા. મહેસાણામાં સ્થિતિ કાબુ બહાર જતાં આખરે સંચારબંધ લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સાથે સાથે મોબાઈલ ઈન્ટરનેટ સેવા તાત્કાલિક ધોરણ બંધ કરી દેવામાં આવી હતી. મહેસાણા જેલ ભરો આંદોલનની અસર ચારેય બાજુ જોવા મળી હતી અને જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું હતું. હિંસાને રોકવા માટે કલમ ૧૪૪ અમલી બનાવવામાં આવી હતી. મહેસાણા જેલ ભરો વેળા તોફાની ટોળા હિંસા પર ઉતરી આવ્યા હતા.







